R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનન્ત પાલડી,અમદાવાદ-૭

ESTD. YEAR - 17 •ISSUE: 32 DATE: 10-08-2013 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

## બ્રિટનમાં લગ્ન અંગેની વ્યાખ્યા અને કાયદો બદલાઇ ગયો



આપણે જાણીએ છીએ કે આપણે લગ્નની વ્યાખ્યા બદલી કાઢી જે ઈશ્વરની મરજી વિરુધ્ધની છે. અને ખ્રિસ્તીઓ તરીકે આપણને એ વિશ્વાસ હોવો જોઈએ અને આપણે જે સત્ય છે તે બાબતે લોકોને શિક્ષણ પણ આપવું જોઈએ કે આ વ્યાખ્યા તદ્દન સિધ્ધાન્તોની વિરુધ્ધ છે. પરંતુ તે પ્રેમ અને ગ્રેસથી આ શિક્ષણ આપવું જોઈએ.અને આપણે એકબીજાને ઈશ્વરની મરજી મુજબના લગ્ન કરવા માટે પ્રોત્સાહન આપવુ જોઈએ.જો કે કાયદો બદલાઇ ગયો છે.સાચા લગ્નો જીવનનું સાચુ સુખ માણવા માટેનો એક સબંધ છે. જે એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચે લગ્ન તરીકે સ્થપાય છે. આપણે એ સ્વીકારવું જોઈએ કે લગ્નની કાયદાએ વ્યાખ્યા જ બદલી નાંખી છે.પરંતુ આપણે એ પણ સમજી લેવાનું છે કે આપણે આ કાયદો અસ્તિત્વમાં આવ્યો છે તેને માન્યતા પણ આપવાની નથી.

એક મહત્વનો સામાજીક સિધ્ધાન્ત બદલવાની સરકારે કરેલ તરફેણમાં એ વિષયે યોગ્ય સલાહ મર્શ કરવામાં આવ્યો નથી.તેમણે વિરોધને ગણકાર્યો નથી. તેમજ જાહેરમાં તેની ચર્ચાઓ પણ કરી નથી. તેઓ ખરેખર લગ્ન શું છે તે સમજવાની કોશીસ પણ કરી નથી. કે જેની અસરો બાળકો પર ભવિષ્યમાં શું પડશે તેને જાણવાની કોઈ કોશીશ કરી નથી. પરંતુ ઝડપથી તેમણે ફાસ્ટ ટ્રેક પર કાયદાને પસાર કરી નાંખ્યો છે.અને લોકશાહીને બાયપાસ કરી નાખી છે. રક્ષણ આપવું જરુરી છે, આ પરિસ્થિતિમાં તે આવકાર્ય પણ છે.પરતુ આવનાર સામાન્ય ચુંટણીઓમાં તેમને કોઈ ગંભીર અસરો ના કરે માટે ઝડપથી મુદ્દાનું નિવારણ કરી નાંખવામાં આવ્યુ.

હવે ચર્ચ માટે આ પડકાર છે જેમાં સાચુ લગ્ન્ સમાજમાં કોને કહેવાય અને જે સત્ય ભુલાઈ ગયું છે તેને સમાજ સમક્ષ લાવવાનું છે. ખ્રિસ્તીઓ અને બીજા કેટલાક લોકો જેઓ સજાતીય લગ્નનો વિરોધ કરી રહ્યા છે તેમના માટે આવનાર દિવસો પડકારરુપ બનવાના છે.જેથી તેમણે ખરેખર પુરુષ અને સ્ત્રી વચ્ચે થનાર સબંધોને લગ્ન સબંધ સાચો છે તે પુરવાર કરવાનું રહેશે.

લગ્નના કાયદાને લંબાવવામાં આવ્યો નથી પરંતુ તેની વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યો છે.અને અમુક લોકોની સમજ પ્રમાણે અને તેમના વ્યક્તિગત હક્કો માટે થઈને તેમને અનુરુપ કાયદામાં ફેરફાર કરાયો છે.સરકારે લગ્ન સબંધ ને માત્ર પુરુષ અને એક સ્ત્રી વચ્ચે જીવનભર સ્થપાતા સબંધ અને તેનાથી ઉત્પન થતા બાળકો અને બનતા કુટુંબમાં નવી વ્યાખ્યા ઉમેરી છે. તેમણે માન્યું છે કે બાયબલ કે અન્ય સામાજીક સિધ્ધાન્તો કરતાં લગ્નની વ્યાખ્યા કંઈક જુદી પણ છે તેથી તેમણે ઈતિહાસમાં પરિવર્તન આણ્યું છે.બ્રિટનની હાઉસ ઓફ લોર્ડસના મતદાન પછી રાણીએ નવા કાયદાને પોતાની મંજુરીની મહોર મારી છે.એક સામાજિક પરિવર્તનનો કાળ શરુ થયો છે.જેઓ ધાર્મિક રીતે લગ્નને માને છે તેઓને આ બાબત મંજુર નથી.પણ ખેર......

## ધ ચેલેન્જ ઓફ ધ કોન્વેન્ટ,મેથોડીસ્ટ ચર્ચ અને ચર્ચ ઓફ ઇગ્લેન્ડ વચ્ચે ઐતિહાસિક કરાર થશે



આ નવેમ્બર માસમાં મેથોડીસ્ટ ચર્ચ અને ચર્ચ ઓફ ઈગ્લેન્ડ વચ્ચે ઐતિહાસિક કોન્વેન્ટ,એકતા માટેના કરારને ૧૦ વર્ષની અવધિ પુરી થશે.આ પ્રસંગને યાદગાર બનાવવા માટે તેઓ આ બાબતે થયેલ પ્રગતિ અંગેનો એક રીપોર્ટ જારી કરશે.જેમાં એન્ગલીકન મેથોડીસ્ટ કોન્વેન્ટ ના છેલ્લા દસ વર્ષની વિગતો જણાવાશે.આ રીપોર્ટ જે પ્રકાશિત કરવામાં આવશે તેનું ના ધ ચેલેન્જ ઓફ ધ કોન્વેન્ટ રાખવામાં આવ્યું છે. જે સપ્ટેમાં દરેક વ્યક્તિને વાંચવા અને તેનો પ્રતિભાવ જણાવવાની તક મળશે.ચર્ચ ઓફ ઈગ્લેન્ડ હાઉસ ઓફ બિશપ, મેથોડિસ્ટ કાઉન્સીલ અને બીજી અનેક બોડીઝ જે આ સંસ્થાઓ સાથે સંકળાયેલી છે તેમને આ રીપોર્ટ અંગેના પ્રતિભાવ જણાવી શકાશે.

આ રીપોર્ટનો ટુંકો ડ્રાફટ રજુ કરાશે જે તેનું બીજુ પગલું છે જે આ બે ચર્ચ વચ્ચે મિશન અને એકતામાં કેટલા નજદીક છે તેનો ચીતાર આપશે.આ રીપોર્ટ સપ્ટેમ્બરમાં રજુ કરાશે પરંતુ તેનુ વિસ્તરણ મર્યાદિત રહેશે.ચર્ચની સંસ્થાઓ જાન્યુઆરી ૨૦૧૪ સુધીમાં તેમના રીવાઈર્ડ રીપોર્ટ રજુ કરશે. જે મેથોડીસ્ટ કોન્ફરન્સ અને ચર્ચ ઓફ ઈગ્લેન્ડ ની જનરલ સીનોડ માં આવતા વર્ષે મળનાર છે તેમાં મંજુરી માટે રજુ કરવામાં આવશે.

## ઇજીપ્તમાં મુસ્લીમ મોલવીને જાહેરમાં બાયબલને બાળવા બદલ ૧૪ વર્ષની સજા ફટકારાઇ

જસ્ટીસ અહેમદ તલાટ, નોર્થ કેરો કોર્ટ, દ્વારા વિવાદાસ્પદ રહેલા મોલવી અહેમદ મોહમંદ મહેમુદ જે અબુ ઈસલામ ના નામે પણ જાણીતા છે તેમને જાહેર હિત અને શાંતિ જોખમાવવા બદલ ત્રણ વર્ષની સજા અને દંડ અને ધાર્મિક કટ્ટરવાદ ફેલાવવાના દોષ માટે બીજા ત્રણ વર્ષની સજા કરી હતી.ક્રિશ્ચિયનીટી દ્વારા તેમની પર કટ્ટરવાદના આરોપો મુકવામાં આવ્યો હતા અને તેની જાહેરમાં ખુબજ ટીકાઓ પણ થઈ હતી.જજ અસીમ અલ જીબાલી, નાસર સીટીના મીસડેમીયનોર તેમણે આપેલ ચુકાદામાં સલાફી શિક્ષકને સજા કરી હતી.તેઓ એક અલ ઉમ્માહ ટીવી ચેનલના માલિક પણ છે.તેમને પાંચ વર્ષની સજા કરાઈ હતી.જેમાં ખ્રિસ્તીઓ તરફથી એવી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કે તેમણે જાહેરમાં બાયબલનો સળગાવી મુકયું હતું.બાયબલ સળગાવી દેવાનો પ્રસંગ યુએસ એમ્બેસી સામે દેખાવો કરતાં બન્યો હતો.

આનો મતલબ એ થાય છે કે અબુ ઈસલામને કુલ ૧૪ વર્ષની સજા થઈ છે જે તેમણે એક સાથે ભોગવવાની છે.વકીલ ગીરગીસ બીબાવીના જણાવ્યા પ્રમાણે કેરો કોર્ટે આપેલા ચુકાદાથી ખ્રિસ્તીઓની જીત થઈ છે. તેથી કોપ્ટીક ખ્રિસ્તીઓનેઆનંદ થયો છે.કારણકે અબુ ઈસલામે ખ્રિસ્તીઓનું અપમાન કરેલું છે.તેણે ખ્રિસ્તી સાધ્વીઓને વૈશ્યાઓ કહી હતી.તેમજ ઈસુ ખ્રિસ્તનું જાહેરમાં



અપમાન કર્યુ હતું.અપીલમાં પણ આજ ચુકાદો માન્ય રહેશે તેવું બીબાવીનું માનવું છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ઈજિપ્તના કોપ્ટીક ક્રિશ્ચિયનો સતાવણીના એક મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે.ખ્રિસ્તીઓ પ્રત્યે વેરભાવની ભાવના એટલે જાગી છે કે બ્રધર હુડના નેતાને અમેરિકાએ ખોટી રીતે જીતાડી દીધો , ખરેખર ચુટણીના પરિણામોમાં મોહંમદ મોરસી હારી ગયેલા હતા પરંતુ અમેરિકાએ તેને ચુંટાયેલ જાહેર કરવામાં ખુબજ મોટો ભાગ ભજવેલ હતો.ત્યારબાદ તે નેતાએ અને તેમના અન્ય સાથીદારોએ સત્તા પર આવીને અબજોની લુટ ચલાવી પરિણામે આર્મીએ તેમને સત્તા પરથી ઉથલાવી નાંખ્યા તેમાં પણ અમેરિકાનો હાથ હોવાનું બ્રધરહુડના કાર્યકરો માની રહ્યા છે. પરિણામે ઈજીપ્તમાં વસતા ખ્રિસ્તીઓ પર આ લોકો પોતાનો રોષ વ્યકત કરી રહ્યા છે. ચર્ચો પરના હુમલા અને ખ્રિસ્તીઓ પરના હુમલા આજ કારણે કરવામાં આવતા હોવાનું મનાઈ રહ્યું છે.આવા વાતાવરણને કારણે અનેક ખ્રિસ્તીઓ ઈજીપ્તમાંથી હિજરત કરી અન્ય દેશોમાં ચાલ્યા ગયા છે.

## મંતવ્ય

## ખ્રિસ્તી મિશનોએ -ચર્ચોએ ઘોડિયાઘર બનાવવા અંગે સુચન

સામાન્ય રીતે મોટે ભાગે ખ્રિસ્તી સમાજમાં પતિ અને પત્ની બંને નોકરી કરતા હોય છે.એથી આગળ વધીને ઘણા કિસ્સાઓમાં બંને પક્ષના માંબાપો પણ નોકરી કરતા હોય છે. આ પરિસ્થિતિમાં પોતાના બાળકોને સાચવવાની રાખવાની ખુબજ મુશ્કેલીઓ પડે છે.ઘણા કિસ્સામા કોઈએક વ્યક્તિએ નોકરી છોડી દેવી પણ પડે છે.ત્યારે ખ્રિસ્તી મિશનો-ચર્ચોએ સુવાર્તિક કાર્ય સાથે સમાજપયોગી કાર્યો પણ કરવા જોઈએ.શહેરોમાં તથા જિલ્લા મથકોએ તથા તાલુકા મથકોએ ધોડીયાઘરની સુવિધાઓ ઉભી કરવી જોઈએ.

## સુશ્રી જયલલિતાની ગરીબો માટેની લોકપ્રિય યોજના

તામિલનાડુના મુખ્યમંત્રી સુશ્રી જયલલિતાની એક રુપીયામાં ઈડલી,૩ રુપાયમાં કઢીભાત તથા ૫ રુપીયામાં દાળભાત આપવાની યોજનાને તામિલનાડુમાં ભારે લોકપ્રિયતા મળી છે.ફક્ત ચેન્નાઈમાં ૨૦ કેન્ટીન એક દિવસમાં બે લાખ ઈડલીનું વેચાણ કરે છે.મહિલાઓ ના સ્વયંસેવી જુથો કામ કરતાં હોવાથી સ્વચ્છતા પણ એટલીજ રહે છે.કામ કરતી મહિલાઓને વેતન ચુકવતા તેમને પણ રોજગારી મળી રહી છે.માત્ર ગરીબો જ નહી પણ તમામ વર્ગના લોકો તેનો લાભ લે છે.ત્યારે ગરીબોના હિતાર્થે ગુજરાતમાં પણ આવી યોજના શરુ કરવી જોઈએ.

જયાનંદ એ.ગોહિલ, નડીયાદ.૨


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.300

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## બિશપ ઓફ ઓકસફર્ડ રા.રેવ જોન પ્રીટચાર્ડ ઉપવાસ કરશે

ચર્ચ ઓફ ઈગ્લેન્ડના બિશપના જણાવ્યા પ્રમાણે દર આઠ વ્યક્તિએ એક વ્યક્તિને ખોરાક મળતો નહી હોવાને કારણે તેણે રાત્ર ભુખ્યા સુવુ પડે છે.તેમની સાથે દેશના અનેક દેશવાસીઓ આ ઉપવાસમાં જોડાશે.જેથી કરીને હજારો લોકોનું ધ્યાન દોરાય અને ભુખ્યા લોકો માટે આપણે કંઈક વ્યવસ્થા કરી શકીએ.

વિશ્વની અંદર પુરતુ અનાજ પેદા થાય છે. અને જે દરેક માણસને તેની જરુરીયાત પ્રમાણે મળે તો ખુટે તેમ નથી. પરંતુ તેમ થતું નથી.કેટલાય એવા લોકો છે જેમને ખાવા માટે અનાજ મળતું નથી.

એક ખ્રિસ્તી તરીકે મારે જે લોકો સહન કરી રહ્યા છે અને ભુખમરાને કારણે મરી રહ્યા છે તેમનો અવાજ માનવતાના ધોરણે બુલંદ કરવો પડે. હું માનું છું કે મારુ એક દિવસ ભુખ્યા રહેવાનું કૃત્ય વિશ્વના અનેક લોકોનું ધ્યાન ખેચશે અને તે પ્રત્યે લોકોની જાગૃતતા આવશે.

આ ઉપવાસમાં બર્મીંગહામના બિશપ રા.રેવ.ડેવીડ ઉર્કુહાર્ટ,બિશપ ઓફ સેલીસબરી રા.રેવ.નિકોલસ હોલ્ટમ,બિશપ ઓફ શેફિલ્ડ રા. રેવ સ્ટીવન ક્રોફ્ટ,બિશપ ઓફ



બકીંગહામ રા.રેવ એલન વિલ્સન,બિશપ ઓફ પોન્ટીફેક્ટ રા. રેવ એન્થોની રોબિન્સન, બિશપ ઓફ રામસબરી રા. રેવ એડવર્ડકોન્ડરી,બિશપ ઓફ.સેંટ જર્મન રા.રેવ. ચેરીસ ગોલ્ડસ્મીથ અને બિશપ ઓફ શીબોર્ન રા.રેવ ગ્રેહામ કીંગ્સ જોડાવાના છે.

આ આઈએફ કેમ્પેન દ્વારા તેઓ નોર્થન આર્યલેન્ડમાં યોજાનાર જી-૮ની મીટીંગમાં આવનારા વિશ્વના નેતાઓનું આ બાબતે ધ્યાન દોરવા માંગે છે. જેમાં વિશ્વની બહુ રાષ્ટ્રીય કંપનીઓ તેમના ટેક્ષના નાણાં માંથી આ હેતુસર નાણાં પુરા પાડે.ઘણી બધી કંપનીઓની ઉપર આ દબાણ લાવી શકાય તેમ છે.માત્ર વધુ નફો કમાવવાની સાથે વિશ્વના ગરીબોને એક ટંક પુરતુ અનાજ મળે તે જોવાની સહુ કોઈની ફરજ છે.

હજારો લોકો આઈ એફની લંડન ખાતે યોજાનાર રેલીમાં ભાગ લેવા માટે આતુરતા પુર્વક રાહ જોઈ રહ્યા છે.બીજા પગલા રુપ બેલફાસ્ટ ખાતે જી-૮ના નેતાઓ ઉપર દબાણ વધે માટે રેલીનું આયોજન થશે.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## આર્ચ બિશપ કેન્ટબરીએ ઇજીપ્તમાં એકતા અને શાંતિ માટે પ્રાર્થના કરવા અપીલ કરી



આર્ચબિશપ કેન્ટબરી અને યોર્કે ઈજીપ્શીયન ચર્ચ નેતાઓને લખીને જણાવ્યું હતું કે આ સમયમાં સામાજીક અને રાજકીય મજબુત બનવાની જરુર છે.કારણકે પરિસ્થિતિ અસલામત છે.તેમણે જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિ વૈચારીક રીતે વળાંક લઈ રહી છે.અને આ પરિસ્થિતિ સારુ પરિણામ લાવી શકે.અમે અને પ્રેસિડેન્ટ, જનરલ સિનોડ તરીકે તમને ખાત્રી આપીએ છીએ કે અમો તમારી સાથે છીએ.અમો ઈજીપ્તની એકતા અને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ.ત્યાં સંપુર્ણપણે શાંતિ સ્થપાય, અને હિંસા બંધ થાય અને તમામ લોકો એકઠા મળીને ઈજીપ્તના સારા ભવિષ્ય માટે કાર્ય કરે.ઈશ્વર તમ સહુને નવી પરિસ્થિતિમાં તેમના આર્શીવાદ આપે,બળ આપે અને પરિસ્થિતિમાં સુધાર લાવવા માટે મદદ કરે.


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

# સામાજીક મુલ્યોનો ઇજારો ઉચ્ચ લોકો પાસે જ નથી

આપણે સૌ સામાજિક પ્રાણી કહેવાઈએ છીએ. પણ હકીકતમાં આપણે સામાજિક છીએ ?કેટલાક લોકો સમાજ થકી જીવે છે તો કેટલાક સમાજ માટે જીવે છે છતાં એક બાબત હકીકત છે કે વ્યક્તિનો વિકાસ ક્યારેય આ સમાજના સહકાર વગર શક્ય જ નથી.માટે જ સૌ સમાજમાં રહીને જ જીવવાનું પસંદ કરે છે.દરેક સમાજની જીવનશૈલી અલગ હોઈ શકે, દરેક સમાજના નીતિ નિયમો અલગ હોઈ શકે ,દરેક સમાજના મુલ્યો પણ અલગ હોઇ શકે અને આ દરેક બાબતનું પાલન કરવું જે તે સમાજના સભ્યની ફરજ બની જાય છે.સામાજિક મુલ્યો નું પાલન કરવાની જ ફરજ નથી,પણ સાથે તે મુલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની પણ દરેક સભ્યની ફરજ છે.માટે તો સમાજ ટકી રહ્યા છે.

હા... ક્યારેક સમાજમાં કેટલાં દુષણો પ્રવેશ કરતાં હોય છે, તો એ દુષણોને દુર કરવાની ફરજ પણ જે તે સભ્યની બની રહે છે.તો ક્યારે ક સમયમાં પરિવર્તન આવતાં સમાજના કેટલાક નીતિ નિયમોમાં પણ બદલાવ લાવવો પડે છે.આમ છતાં એટલું નક્કી છે કે નીતિ નિયમો બદલાય છે પણ સામાજિક મુલ્યો તો ટકી રહે છે.કારણકે તે અનુભવના નિચોડ રુપે અને સત્યના પાયા પર ઊભા હોય છે.

સામાજિક મુલ્યોની વાત આવે ત્યારે ઘણા લકો કહેતા હોય છે કે અમુક પછાત ગણાતી જ્ઞાતિમાં મુલ્યો ઓછા હોય છે કે નથી હોતા, મુલ્યો તો જાણે ઉચ્ચ ગણાતી જ્ઞાતિમાં જ ધરબાયેલા હોય છે. આ હકીકત આજે પણ કેટલાક માને છે.માટે તો ઘણી વાર રસ્તા પર કે સોસાયટીમાં કે ગામડાંમાં સાંભળવા મળે છે કે અમુક લોકો તો આવું(નકારાત્મક) કરે એમાં નવાઈ પામવા જેવું કંઈ જ નથી.અને અમુક લોકો કે વ્યક્તિ કોઈ ખરાબ કામ કરે તો કહે કે અલ્યા ભાઈ, તું આ જ્ઞાતિનો થઈને આવું કરે છે ?કહેવાનો અર્થ એ કે જ્ઞાતિવાદ ભુંસાતો જાય છે પણ લોકોના મનમાં ઘર કરી ગયેલા ખોટા વિચારો આજે પણ બદલાતા નથી.એવું જ ભણેલા અને અભણ માણસ માટે પણ કહેવાય છે.અભણ માણસ કંઈ પણ નકારાત્મક કામ કરે તો એમ કહેવાય છે કે એ તો ભણેલો નથી,તેની પાસે શું અપેક્ષા રાખવી ?જ્યારે કોઈ ભણેલો માણસ નકારાત્મક કામ કરશે તો લોકો કહેશે કે અલ્યા ભાઈ, તમે ભણેલા થઈને આવું કરો છો ? આ બાબત સાચી નથી.ક્યારેક અભણ માણસ પણ ભણેલાને ઘણું શીખવી જાય છે.તો પછાત ગણાતી જ્ઞાતિ ઉચ્ચ જ્ઞાતિને પણ ઘણું શીખવી જાય છે. આવી ઘટના હમણાં જ બની,જેમાંથી સામાજિક મુલ્યોમાં માનનારા અને પોતાની જાતને ઊચ્ચ જ્ઞાતિના કે ભણેલા સૌએ શીખવાનુ છે.

વાત એમ બની કે ઉચ્ચ ગણાતી જ્ઞાતિના એક ભણેલા ગણેલા કુટુંબમાં સાસુ-વહુને લઈને ઝગડા થતા હતા. જેમાં સાસુ થોડા અસ્થિર મગજના હતા. તેનાથી કંટાળીને સાસુ-સસરા પોતાના છોકરાને વહુથી છુટા પડીને વતનમાં રહેવા ગયા.નક્કી એવું થયું હતું કે છોકરાએ દર મહિને બે હજાર રૂપીયા આપવા.છોકરાએ વચન પાળ્યુ નહિ. ગરીબ માં-બાપે નોકરી શોધીને ફરી શહેરમાં રહેવા આવ્યા.છોકરા સાથે જ રહેવા આવ્યા. બીજા-ત્રીજા દિવસથી ઝગડા શરુ થઈ ગયા. પાંચ દિવસ પછી છોકરીના પપ્પા-ફોઈ અને છોકરાના પિત્રાઈઓ સમાધાન કરવા રાત્રે નવ-દસ વાગ્યે એકઠા થયા.સમાધાનની વાત શરુ થઈ,કોઈ મુદ્દો યોગ્ય રીતે મુકાય કે ચર્ચાય, તે પુર્વે શાંત ગણાતા છોકરાએ રોદ્ર સ્વરુપ ધારણ કર્યુ.સમાધાન માટે આવેલ પ્રતિષ્ઠિત માણસોનું અપમાન કર્યું. સમાધાન માટે આવેલા લોકો માંડ દસ મિનિટ બેઠા હશે અને થયેલા અપમાનને કારણે સમાધાન પડતું મુકીને નીકળી ગયા.સાથે એમ વિચાર્યુ કે જો છોકરાના માંબાપ અને છોકરીના સગાં રાત્રે અહી જ ભેગા રહેશે તો અડધી રાત્રે ઝગડશે. જે સમાધાન કરવા આવેલા પિત્રાઈ ભાઈ છોકરાના માંબાપને પોતાના ઘેર લઈ જવાનું કહયું.

છોકરાએ કે વહુએ તેના માંબાપને એમ ન કહ્યું કે તમે આટલી મોડી રાત્રે ના જશો.આ તમારુ જ ઘર છે.બીજી બાજુ છોકરાના સસરા અને ફોઈ ત્યાં જ રોકાયા.માંબાપ ફ્લેટમાંથી નીચે ઉતર્યા, રસ્તા પર બધા આવ્યા. હજુ એકબીજાની દલીલો ચાલતી હતી. રાત્રે ૧૧ વાગે રસ્તા પર નાનું ટોળુ પણ એકત્ર થઈ ગયું હતુ. ઉચ્ચ ગણાતા લોકો રાત્રે ૧૧ રસ્તા પર ઝગડી રહ્યા હતા.ત્યાં જ રબારી જ્ઞાતિના એક બહેન આવ્યા. તેમણે વાતનો સાર પકડી લીધો અને તુટી પડ્યા પેલી છોકરીના માંબાપને. તેમના વાક્યો અહીં રજુ કરુ છું.જે ભણેલા કે ઉચ્ચ ગણાતા સૌ લોકો એ સાંભળ્યા. રબારી જ્ઞાતિની બહેનના શબ્દો આ હતા.'' ઝગડા તો સાસુ -વહુ વચ્ચે થતાં જ હોય ,પરંતુ દીકરીના બાપે દીકરીનું ઉપરાણું ન લેવાય. તેને સમજાવવાની હોય, ઘરડા સાસું-સસરાની સેવા કરવાની હોય... તમે તો છોકરીના બાપ છો, છોકરીનું ઘર ભગાવવા આવ્યા છો. કે કરાવવા આવ્યા છો.? ડાહ્યા અને કમાતા સાસુ-સસરાને તો કોઈ પણ રાખે, પણ અસલ માંબાપને રાખે તે વહુ સારી કહેવાય. સાસુ ગાંડી હોય તો એના છોકરા ગાંડા જ હોય, તો પછી લગન શું કરવા કર્યા?અને લગન કર્યા છે તો સાસુ-સસરાને નિભાવીને તારી ખાનદાની બતાવ, આવુ અડધી રાતે શાહુકાર રોડ પર ઝગડા કરે એ સારુ ના કહેવાય, આવું કે તે ખાનદાન ના કહેવાય. વગેર. અંતે સમાધાન વગર સૌ છુટા પડ્યા.પણ જે બાબત સમાધાન કારીઓ કહેવા આવ્યા હતા તે બાબત તેઓ છોકરાના વર્તનને કારણે ન કહી શક્યા. પરંતુ રસ્તા પરથી પસાર થતાં અને કોઈ જ પરિચિતતા ન હોવા છતાં, પેલા રબારી અભણ બહેને કહી બતાવ્યું.આ બહેને સામાજીકતા દાખવી તે સલામને પાત્ર છે.આવા લોકો થકી જ સામાજિક મુલ્યો ટકી રહ્યા છે. નહી તો ભણેલા ગણેલા એમ જ કહે કે ના ફાવતું હોય તો છુટાછેડા લઈ લો.

રબારી બહેનના આ શબ્દો સાંભળ્યા પછી લાગ્યું કે વધારે શાહુકાર કોણ ?સામાજિક મુલ્યોના ખરા વારસદાર કોણ ? આમ સામાજિક મુલ્યોનો ખજાનો ઉચ્ચ જ્ઞાતિ પાસે કે ભણેલા પાસે જ છે.તેવા ભ્રમમાંથી બહાર આવી જવાની જરુર છે.આવી ઘટના બન્યા પછી પણ એમ માનવાને કોઈ કારણ નથી કે પેલો છોકરો અને વહુ તેના માંબાપને ઘરમાં પાછા બોલાવશે. કારણકે તેઓ પોતાની જાતને સુધરેલા માને છે અને માટે જ તેઓ સાચા જ છે તેમ પણ માને છે.

ડૉ.અશોક પટેલ (સૌ.સંદેશ)


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૯૯૮૦૭૨૮૮૧



**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭, ૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


# એક નવી દિશા, નવી પહેલ

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર અને કૈરા સોશયલ સર્વિસ સોસાયટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે એક નવી દિશા, નવી પહેલ એટલે ઉમ્મીદ જનરલ તાલીમ યોજના,અંતર્ગત કોમ્પ્યુટર કલાસ, બ્યુટી પાર્લર કલાસ,અને સિવણ કલાસની શરુઆત તા.૧લી જુન,૨૦૧૩ થી કેએસએસએસ, સરદાર નગર, અમનસેતુ -ગોમતીપુર,આનંદવિહાર-વટવા,મલાઈ વિકાસ કેન્દ્ર-થલતેજ, ભાલરસ્મિ-વટામણ,માતૃછાયા-બાલાસિનોર,સેંટ એન્સ કોન્વેન્ટ, મહેમદાવાદ, એસ,એમ.આઈ સીસ્ટર્સ,કઠલાલ,જીસસ એન્ડ મેરી કોન્વેન્ટ, ખંભાત, સંત ઉસુલા સેન્ટર, આમોદ,ઝેવીયર્સ વિહાર,કરમસદ, મીરઝાપુર ખાતે શરુ કરવામાં આવ્યા છે. આ અમદાવાદ,ખેડા અને આણંદ જીલ્લાના ૧૨ સેન્ટરોમાં ૧૨૦ વર્ગો છ મહિના સુધી ચલાવીને આશરે ૩૦૦૦ જેટલી વિવિધ ધર્મ અને જાતિની બહેનોને પગભર કરવામાં આવશે.

વંચિત સમુદાયની ૧૮ થી ૩૫ વર્ષની બહેનોને ક્ષમતાવર્ધન કૌશલ્યવક્ષી તાલીમ આપીને સશક્ત અને સક્ષમ બનાવવાજેથી કરીને તેઓ પોતાની જાતે જ આર્થિક રીતે પગભર થઈ સ્વમાનભેર જીવી શકે.આ કોર્ષ ૩ મહિના સુધીનો તથા દરરોજના ચાર કલાક સુધી તેઓને અનુભવી ઈન્સપેકટરો દ્વારા થીયરી અને પ્રેકટીકલ માટે કોર્ષ મટીરીયલ્સ આપીને સજ્જ કરવા અને કોર્ષ પુર્ણ થયા બાદ પરીક્ષા આપીને તેઓને સરકારી પ્રમાણપત્ર તથા એક મહિના લેખે ૨૫૦ રુપીયા સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

આજના શિક્ષિત જમાનામાં આ તાલીમમાં જોડાવા માંગતા બહેનો ઓછામાં ઓછું પાંચમું ધોરણ ભણેલા હોવા જોઈએ. જેથી તેઓ લખી અને વાંચી શકેને બેંકમાં જઈને પોતાનું કામ કરી શકે.જ્યારે બી.પી.એલ.વિકલાંગ, વિધવા, અને ત્યક્તા બહેનોને પ્રાથમિકતા આપવી જેથી તેઓ મુખ્ય પ્રવાહમાં જોડાઈ શકે.આ યોજનાના અંતે જરુરીયાત મુજબ જે બહેનો ધંધો રોજગાર કરી શકે તેઓને ઘરદીવડા યોજનામાં ફોર્મ ભરીને સબસીડીવાળી લોન ઉપલબ્ધ કરાવવી જેથી તેઓ પોતાની આવડત મુજબનો ધંધો કરી શકે અને પોતાનુ તથા પોતાના કુટુંબનું ગુજરાન ચલાવી શકે.

પ્રેષક : શૈલેષ જે.ખંભાલીયા



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જ્હોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ. સીની. કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ. સીની. કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

## સીરીયામાં શાંતિ સ્થપાય માટે પ્રાર્થના અપીલમાં અન્યો પણ જોડાયા



બિશપ ઓફ વેકફિલ્ડે પણ સીરીયમાં શાંતિ સ્થપાય માટે કેથોલીક ચર્ચે બહાર પાડેલ વિનંતીને ટેકો આપ્યો હતો. રાઇટ રેવરન્ડ સ્ટીફન પ્લેટ્ને કહ્યું તું કે બધા જ ખ્રિસ્તીઓ સીરીયામાં ચાલી રહેલ લડાઇમાં શાંતિ સ્થપાય માટે પ્રાર્થના કરે.

કેથોલીક બિશપ કોન્ફરન્સ ઓફ ઇંગ્લેન્ડ અને વેલ્સએ ગત સપ્તાહમાં શાંતિ પ્રાર્થના માટે અપીલ કરી હતી.આ ઉપરાંત બિશપ પ્લેટ્ને ખ્રિસ્તીઓને લડાઇમાં અસર પામેલાઓને મદદ કરવા અપીલ કરી હતી.આ સીવીલ વોર ઘણા લાંબા સમયથી ચાલી રહી છે.અને તેને કારણે બહુજ સામાન્ય લોકોને સહન કરવાનો વારો આવ્યો છે.આંતરરાષ્ટ્રીય સમુદાયે તેમની રાજકીય વગ વાપરીને લડાઇનો અંત આવે માટે પ્રયત્નો કરવા જરુરી છે.હવે ખરેખર સાચો સમય છે કે આપણે શાંતિ,સલામતી અને સુચારુ વ્યવસ્થા સીરીયામાં ગોઠવાય તે જોવુ જરુરી છે.સીરીયાના લોકો માટે પ્રાર્થના કરીએ એ જેટલું જરુરી છે તેજ પ્રમાણે શાંતિ આ વિસ્તારમાં ઉભી થાય તેવા પ્રયત્નો પણ કરવા જરુરી છે.હું માનું છું કે ચર્ચ ઓફ ઇંગ્લેન્ડ પેરીસીસ જે રાહત કાર્ય ચાલી રહ્યું છે તેને મદદરુપ બનશે તેમજ સીરીયાના લોકોને ખ્રિસ્તીઓ દ્વારા મદદ માટે અપીલ પણ કરશે.

## શીવાનંદ આશ્રમમાં આંતર ધર્મિય સંવાદ મીટીંગ યોજાઇ

શીવાનંદ આશ્રમ,જોધપુર ટેકરા,અમદાવાદ ખાતે એક આંતર ધર્મિય સંવાદ મીટીંગ યોજાઇ ગઇ. તેમાં ભેગા મળેલાં ધર્મગુરુઓમાંથી સ્વામી અધ્યાત્મનંદજીએ પ્રાર્થના કરાવી હતી,બાદમાં પુષ્પો દ્વારા એકબીજા ધર્મગુરુઓનું અભિવાદન કર્યું હતું.ફાધર જોસેફ અપ્પાઉએ પ્રસ્તાવના, કાર્યક્રમની રૂપરેખા અને અગાઉની મીટીંગો વિશે જણાવીને તે સંગઠનને આગળ લઇ જવા માટે શું કરવું જોઇએ તે માટે ક્યા ક્યા કાર્યક્રમો કર્યા હતા તેની વાત કરી હતી અને હવે શું કરી શકાય તે વિશે જણાવ્યું હતું.

દુનિયા આજે જેના માટે ચિંતિત છે તેવી અવનવી સમસ્યાઓ પર કરવામાં આવેલી ચર્ચા-વિચારણામાં શાંતિ અને કોમી એકતા, પર્યાવરણ, બેટી બચાવો, એચઆઇવી-એઇડ્સ, ટી.બી. વિગેરે વિષયો પર ખુલ્લો મંચ રચાયો હતો.દરેક ધર્મગુરુઓએ તેમાં પોતપોતાની રીતે સુર પુરાવ્યો હતો.જેમાં શાંતિ અને કોમી એકતા જાળવી રાખવા વિશે તથા ભ્રુણહત્યાની ભયંકર પરિસ્થિતિ વિશે બિશપ થોમાસ મેકવાને જણાવ્યું હતું કે જ્યારે સ્વામીજીને પૃથ્વીને બચાવવા માટે તથા નાશ પામતા પર્યાવરણ ઉપર કામ કરવાની તાતી જરુરીયાત છે તે ઉપર ભાર મુક્યો હતો.ને એચઆઇવી-એઇડ્સ ગ્રસ્ત લોકો માટે કામ કરવા જણાવ્યું હતું. બૌધ્ધ મહાસભાના શ્રી. પી.જી.જ્યોતિકરે ટી.બી.ના રોગ સામે જાગૃતિ ફેલાવવા તથા બ્રહ્માકુમારીઝ ઉષાદીદીએ આ બધામાં સુર પુરાવીને કહ્યુ હતું કે આત્મા એક છે ,દૃષ્ટિ પરિવર્તનથી સૃષ્ટિ પરિવર્તન કરવું જોઇએ.અને આ બધા માટે સ્વ પરિવર્તન જરુરી છે.

આજકાલ દરેક કામોમાં પર્યાવરણનો વધુ ઉપયોગ થાય છે.અને બગાડ પણ થાય છે.તો ગ્રીન સીટી,સ્વચ્છ સીટી બનાવવા માટે ફુલોનો ઓછો ઉપયોગ કરવો જોઇએ અને લોકોને ભેટમાં છોડો આપવા જોઇએ. એવા છોડો કે જેમાં પક્ષીઓનો વાસ થઇ શકે,કારણકે મોબાઇલ ટાવરો ઉભા કરવાથી ચકલીઓ નાશ પામી છે. જેથી બોરસલી,ઉમરા જેવા ઝાડો વધુ પ્રમાણમાં વાવવા જોઇએ કારણકે તેમાં વધુ પક્ષીઓનો વાસ થાય છે. વધુમાં વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો,ઝાડો ન કાપવા જોઇએ અને કાપવા ન દેવા જોઇએ તથા ફુલોની જગ્યાએ રચનાત્મક એટલે વેસ્ટમાંથી બેસ્ટનો ઉપયોગ કરવો જોઇએ.અંતમાં એકશન પ્લાન ઘડવામાં આવ્યો હતો.

એક જાહેર કાર્યક્રમ ૨૧મી સપ્ટેમ્બરના રોજ વિશ્વશાંતિ દિન નિમિત્તે કરવો જેમાં ઉપરના વિષયોને લગતા કાર્યક્રમો કરી લોકજાગૃતિ ફેલાવવી.

પ્રેષક : ખંભાલીયા શૈલેષ જે.
કેએસએસએસ,અમદાવાદ

## મેચ ફિક્સીંગના મામલે ૧૩ વર્ષ બાદ ચાર્જશીટ

દિલ્હી પોલીસે ૧૩ વર્ષ બાદ આખરે ૨૦૦૦ ના વર્ષમાં બહુ ચર્ચિત બનેલ મેચ ફિક્સીંગ કાંડમાં ચાર્જશીટ દાખલ કરી છે.ક્રિકેટની રમતમાં હલચલ મચાવી દેનાર આ કાંડમાં કુલ છ વ્યક્તિઓને આરોપી બનાવાઇ છે.આફ્રિકાના ક્રિકેટ કેપ્ટન હેન્સી ક્રોનીને આરોપી બનાવાયો છે. જો કે આ દક્ષિણ આફ્રિકાની ટીમના કેપ્ટનનું એક વિમાની અકસ્માતમાં મોત નિપજ્યું હતું.છેલ્લા ૧૩ વર્ષથી આ ફિકસીંગ કૌભાંડમાં પોલીસ પુરાવાઓ શોધી રહી હતી પરંતુ તેને એકઠા કરી શકી નથી.ભારતના એક પણ ક્રિકેટરનું નામ તેમાં સામેલ નથી.જો કે આ કૌભાંડમાં અઝરુદીન,અજય જાડેજા,નિખીલ ચોપરા, હર્ષલ ગીબ્સ, નિકી બોય, અને હેનરી વિલિયમ્સના નામો સામે આવ્યા હતા

## બિહારમાં ભાજપના બળવાને ઠારવા સંઘ મેદાનમાં

બિહારમાં ભાજપના ગઢમાં બળવો ફાટી નીકળ્યો,અને રાજયની નેતાગીરી સામે રોષ ભભુકી ઉઠતા,પરિસ્થિતિ ગંભીર બની,પરિણામે સંઘના વડા મોહન ભાગવત બિહારમાં જઇને બળવાખોર નેતાઓ સાથે બેઠક યોજીને બળવો ઠારવા પ્રયત્ન કર્યો છે.ભાજપના બિહાર ખાતે ના વરિષ્ઠ નેતા સુશીલ મોદી સામે બળવો થયો પરિણામે ધારાસભ્ય અમરનાથ ગામીને બરતરફ કર્યા હતા.તેમનો બળાપો એ હતો કે ભાજપમાં આંતરિક લોકશાહીનો અભાવ છે.ગામીએ જણાવ્યા મુજબ એક ડઝન જેટલા ધારાસભ્યો એવી વિચારસરણી ધરાવે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તિ સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


## ઇજીપ્સીયન મુસ્લીમ અને ખ્રિસ્તીઓએ તહરીર સ્કવેર ખાતે રામાધન પવિત્ર માસના પ્રથમ શુક્રવારે એકઠા મળ્યા



ભુતપુર્વ ઇજિપ્તના પ્રમુખ મોહમંદ મોરસીના વિરુધ્ધમાં તેમના વિરોધીઓ જ્યાં વિરોધ કરવા એકઠા થતા હતા. તેમને ૩ જુલાઇના રોજ આર્મીએ તેમને બરતરફ કરીને તેમની સત્તા છીનવી લીધી.અને પબ્લીકે રાજ્યનો કબજો લીધો.આ ઉપરાંત આ જગ્યા પ્રેસીડેન્ટ હોસની મુબારકને ૨૦૧૧માં સત્તા પરથી દુર કરાયા ત્યારે પણ આ જગ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ આખો વિસ્તાર બેઉ કોમના લોકોથી ઉભરાઇ ગયો હતો.જેમાં મોરસીના સર્પોટર પણ હતા.જેમણે મોટા પ્રમાણમાં શહેરમાં અન્ય જગ્યાઓ પર પણ વિરોધ પ્રદર્શનો કર્યા હતા.અબ્દુલ મસીહ, જેઓ ક્રિશ્ચિયન ફરેગ ગીરગીસના નેતા છે તેમણે જણાવ્યું હતં કે મારા દેશના બાંધવો, તમને હજારો વર્ષ સુધી તંદુરસ્ત સ્વાસ્થ મળે. અને લોકો સંપુર્ણ પણે પ્રત્યેક વર્ષમાં નિરોગી રહે.આપણે સહુ ભાઇઓ છીએ,ઇશ્વર આપણ સહુને શંતિ આપે જેથી આપણો ભાઇચારો કાયમ રહે.મુસ્લીમ બ્રધરહુડની માફક નહી, પણ સાચા મુસ્લીમ ભાઇઓ અને સાચા ખ્રિસ્તીઓ ભેગા મળીને એકતા કાયમ કરે.

એક ઇમામ જેમણે સ્કવેર ખાતે આ સભામાં પોતાનું ધાર્મિક વ્યક્તવ્ય આપ્યુ હતું તેમણે ઇજીપ્તના દરેક નાગરિકમાં ભાઇચારો સ્થપાય,તેમજ એકતા સ્થપાય એ માટે બધાને પ્રોત્સાહન આપ્યું હતું. તેમના જણાવ્યા પ્રમાણે આ ઇફતેયાર એ દેશની એકતા માટેનું ખાણું છે.જે આપણને જણાવે. કે ઇજીપ્શીયન, મુસ્લીમ અને ખ્રિસ્તી એકતા બનાવશે જેથી તેમનો દેશ એક બનીને ઉભો રહે.આ એક એવો પ્રસંગ છે ઇફતેયાર જે નિર્દોષ લોકોના ના જે લોહી વહ્યા છે તેમના માટે ન્યાયની માંગણી કરે છે. તેવું મોહમંદ અબ્દુલાહ નિશારે જણાવ્યુ હતું. ઇજીપ્તમાં ખ્રિસ્તી અને મુસ્લીમ ભાઇઓમાં એકતા તરફ જનારા પરિબળોને વધુ તાકાત મળી છે અને તેમની તરફેણ હજારો લોકો તહરીર સ્કવેર ખાતે એકઠા મળ્યા હતા.ખ્રિસ્તીઓ વિરુધ્ધ ઉભા કરાયેલ કટ્ટરવાદનો ખાતમો કરવો જરુરી છે.


**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.